ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**ચીમનભાઈ સોમાભાઈ પ્રજાપતિ**
પ્રમુખ
ગાંધીનગર પ્રજાપતિ સમાજ
મો. ૯૭૨૪૩ ૭૦૮૮૫



**પરમજીત છાબડા**
મો. ૯૪૨૮૧ ૫૧૪૩૬

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# જેસીઆઈ દ્વારા બાળકોને પબ્લિક સ્પીકિંગ ટ્રેનીંગ





ગાંધીનગરમાં તાલીમ ક્ષેત્રે જાણીતી સંસ્થા જેસીઆઈ દ્વારા ટ્રેનીંગ ઈન પબ્લિક સ્પીકિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાનાં પ્રમુખ ડૉ. પરાગી ગાંધીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે આજનાં બાળકો જ આવતીકાલનું ભવિષ્ય છે અને તેમનાં ઘડતરમાં લીડરશીપ, ટીમ વર્ક, બોલવાની અનોખી શૈલીનો સમાવેશ કરવો જરૂરી બને છે. આ માટે આ ટ્રેનીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૬ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો. જેસીઆઈનાં નેશનલ ટ્રેનર સુધા અગ્રવાલ દ્વારા આ તાલીમ કાર્યક્રમ અંતર્ગત બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સ્ટેજ ફિયર દૂર કરવાની રીતો, બૉડી લેંગ્વેજ, ડ્રેસીંગ, સ્પીચ કેવી રીતે બનાવવી તેમજ ગ્રૂપ એક્ટિવિટી દ્વારા ટીમનું મહત્ત્વ, લીડરશીપના ગુણો વિકસાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પૂર્વ પ્રમુખ કેતન ભાવસાર, ઉપપ્રમુખ હિતેશ પરમાર તેમજ મિતાલી ત્રિવેદી, ડિરેક્ટર ફાલ્ગુની ભાવસાર અને રોનક પંડ્યાએ ભારે જહેમત ઊઠાવી હતી. ઉપરાંત જેસીઆઈના સભ્ય મહેશ પટેલ, વિનેશ ચૌહાણ, સંકેત ગોર અને કાજલ વૈષ્ણવે આ પ્રસંગે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં.

# મહિલાઓ માટે મેગા હાઉસી કાર્યક્રમ





પ્રીટિ વિમેન્સ ક્લબ દ્વારા સૌપ્રથમ વાર ગાંધીનગર શહેરમાં આયોજિત મેગા હાઉસી ઈવેન્ટને મહિલાઓનો પ્રચંડ પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો. ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં આ ઈવેન્ટને મહિલાઓએ માણી હતી અને ભવિષ્યમાં પણ આવા પ્રકારના કાર્યક્રમો માટે એકત્ર થવાનો સંકલ્પ સૌએ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શિલ્પા દેસાઈ અને દક્ષાબેન જાદવે જહેમત ઊઠાવી હતી. કાર્યક્રમ અંતર્ગત ફૅશન શો, હાઉસી અને ડીજે જેવા ઉપક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ફૅશન શોના જજ તરીકે મમતા રાવલ અને આશાબેન સરવૈયાએ પોતાની સેવાઓ આપી હતી. આ પ્રસંગે નાયબ માહિતી નિયામક હિરલબેન ત્રિવેદીએ ઉપસ્થિત રહી મહિલાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ ધોરણ-૧૧નું પ્રભાવી પરિણામ

**ધોરણ-૧૧ ઈ૧**
૧ ઝીલ એમ વ્યાસ
૨ ઈશિતા બી બગતરીયા
૩ ઐશાની વી દવે

**ધોરણ-૧૧ ઈ૨**
૧ દર્શિ એન પટેલ
૨ નેહા આર રાધાની
૩ ધૃવી કે પાઠક

**ધોરણ-૧૧ ઈ૩**
૧ પ્રિયંકકુમાર રામજીયાની
૨ ધૃવ આર ઢોલુ
૩ મિતાલી બી મહેતા
૩ દિવ્યા આર સિંધવાની

**ધોરણ-૧૧ ઈ૪**
૧ મિતુલ એસ પટેલ
૨ દર્ષ આર પટેલ
૩ વત્સલ આર શાહ

**ધોરણ-૧૧ ઈ૫**
૧ ધૃવ એ પરમાર
૨ હની આર બસરાની
૩ પ્રથમ એન પટેલ

**ધોરણ-૧૧ ઈ૬**
૧ આયુષ જે ભાવસાર
૨ વિશ્વા એ પટેલ
૩ પ્રિયંકા જે પઢીયાર

**ધોરણ-૧૧ ઈ૭**
૧ શિવાન્શ એન શર્મા
૨ ઉત્કર્ષ એસ રાઠોડ
૩ વેદાંત એચ પટેલ

## ડાયરેક્ટ ❤ સે

જખ્મો
જીવાડી રહ્યા છે
બાકી
ઘા તો રમાડી રહ્યા છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૧૧.૩૦, ૩.૦૦
૬.૨૫, ૯.૪૫

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૧૨.૩૦, ૩.૫૦
૭.૧૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
ફાસ્ટ ઍન્ડ ફ્યુરિયસ
(હિન્દી, ૩ડી)
૮.૦૦
બાહુબલિ-૨
૧.૩૦, ૫.૪૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૪**
નૂર
૪.૦૦
માતૃ
૧.૦૦

**સ્ક્રીન-૫**
બાહુબલિ-૨
૧૦.૦૦, ૨.૦૦
૫.૧૫, ૮.૩૦

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# જીઍસટી અંગે ત્રિદિવસીય સેમિનાર યોજાયો







ગાંધીનગર, તા. ૩
જીઍસટી મુદ્દે સામાન્ય નાગરિકો અને નાણાં ક્ષેત્રના નિષ્ણાતોમાં સમજ કેળવાય તેવા હેતુથી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ત્રિદિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના શૈક્ષણિક ક્ષેત્રે જીઍસટી અંગે સમજ આપતો પ્રથમ કાર્યક્રમ યોજવાનું શ્રેય કડી વિશ્વવિદ્યાલયને જાય છે.

ખ્યાત સીએ અને નાણાંકીય વિશેષજ્ઞ હરેશ કોઠારીએ કાર્યક્રમ અંતર્ગત જીઍસટી કાયદા અંગેની વિગતવાર માહિતી આપતાં જણાવ્યું હતું કે જીઍસટી આવવાથી દેશના અર્થતંત્ર અને ઔદ્યોગિક ક્ષેત્રે ઘણી સારી અસરો જોવા મળનાર છે. ગ્રાહક અને ઉદ્યોગકર્તાને આનાથી ફાયદો થશે. ઉદ્યોગો તંદુરસ્ત હરિફાઈ કરશે અને ટૅક્સ અંગેની કામગીરી સરળ તથા સહજ બનશે. જીઍસટી અંગેનું પૂરતું જ્ઞાન અને સમજ ધરાવનાર વ્યક્તિઓની માગ વધશે. કડી સર્વ વિશ્વવિદ્યાલયે જીઍસટીનું જ્ઞાન બીસીએ, બીકૉમ, ઍમબીએના વિદ્યાર્થીઓને મળે એવો ઉપક્રમ ગોઠવતાં તેમનું વ્યાવસાયિક જ્ઞાન વધશે, જેના કારણે તેમની માગ વ્યાવસાયિક, ઔદ્યોગિક ક્ષેત્રે વધશે એમ તેમણે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓને જીઍસટી અંગેનું જ્ઞાન મળી રહે તે માટે વિશ્વવિદ્યાલય દ્વારા કડી અને ગાંધીનગર પરિસરના વ્યાખ્યાતાઓને પહેલેથી જ સજ્જ કરી દેવામાં આવ્યા છે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન, માર્ગદર્શન કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચૅરમૅન વલ્લભભાઈ પટેલની દીર્ઘદૃષ્ટિને કારણે શક્ય બન્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન પ્રિન્સિપાલ કપિલ ત્રિવેદી દ્વારા એમ પી કોમર્સ કોલેજ, કડીના કરવામાં આવ્યું હતું.

# શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલના તેજસ્વી તારલા

**ધોરણ-૧ એ**
૧ પટેલ ક્રિશાબેન શંકરભાઈ
૨ પરમાર ધ્રુવીબા જીતેન્દ્રસિંહ

**ધોરણ-૧ બી**
૧ અમીન નિષ્ઠા પંકજભાઈ
૨ પટેલ મેહા સુનિલકુમાર

**ધોરણ-૧ સી**
૧ ગોહિલ આકાશી ભરતકુમાર
૨ પરમાર ધ્રુવીબેન ભાવેશકુમાર

**ધોરણ-૧ ડી**
૧ ગુલવે પ્રિયા મનોજ
૨ પરમાર પુલકિત પિયુષકુમાર

**ધોરણ-૨ એ**
૧ પ્રજાપતિ જેની અજિતભાઈ
૨ ચાવડા નંદિનીકુંવરબા એલ

**ધોરણ-૨ બી**
૧ પ્રજાપતિ કૂંજન મહેન્દ્રભાઈ
૨ જોષી મૈત્રી ભૂપેન્દ્રભાઈ

**ધોરણ-૨ સી**
૧ શર્મા દિયા કનકભાઈ
૨ ત્રિવેદી સાનવી રાકેશકુમાર

**ધોરણ-૨ ડી**
૧ ઢોડિયા અનુજા અશોકકુમાર
૨ પ્રજાપતિ ક્રિશા શૈલેષકુમાર

**ધોરણ-૩ એ**
૧ પટેલ ટીષા ભરતભાઈ
૨ પટેલ આસ્થા હિતેષભાઈ
૩ પાટડિયા ઐયના મુસ્તાક

**ધોરણ-૩ બી**
૧ પટેલ મિશ્વા ધર્મેન્દ્રકુમાર
૨ વાઘેલા રાજવીબા એન
૩ તબિયાળ સ્નેહાકુમારી એસ

**ધોરણ-૩ સી**
૧ સોનારા હિર દીપકકુમાર
૨ શર્મા વિધિ ભીખાભાઈ
૩ વરસાત પ્રેજી સુશીલકુમાર

**ધોરણ-૪ એ**
૧ પટેલ અન્વી ઘનશ્યામભાઈ
૨ પટેલ દૃષ્ટિ સંજયકુમાર
૩ પટેલ હેત્વી વિપુલકુમાર

**ધોરણ-૪ બી**
૧ પરમાર દૃષ્ટિ મયુરભાઈ
૨ કુશવાહા હર્ષિકા રાજુભાઈ
૩ ચૌધરી બંસીકુમારી એ

**ધોરણ-૪ સી**
૧ ઠક્કર કૃપાલી નાનકભાઈ
૨ પટેલ ધૃવી અલ્પેશકુમાર
૩ શાહ આનલ કિચિતકુમાર

**ધોરણ-૪ ડી**
૧ મકવાણા યેશા વિપુલકુમાર
૨ પંચાલ ગ્રીષ્મા જયેશકુમાર
૩ ચૌધરી માનસી જયંતિભાઈ

**ધોરણ-૫ એ**
૧ કુલતરિયા પ્રિયાંશી નિતેષ
૨ પટેલ ધૃવી અલ્પેશભાઈ
૩ પટેલ પ્રાચી ભાસ્કરભાઈ

**ધોરણ-૫ બી**
૧ રોહિત દૃષ્ટિ ગણપતભાઈ
૨ વાણિયા હિમાની સી
૩ રાઠોડ માનસી કિશોરભાઈ

**ધોરણ-૫ સી**
૧ પરમાર ધૃવી પિયુષકુમાર
૨ પરમાર ભૂમિ અશોકભાઈ
૩ દવે ધ્વનિ રાજેશભાઈ

**ધોરણ-૫ ડી**
૧ પટેલ નૈયા શૈલેષભાઈ
૨ પટેલ અર્ચિ ઘનશ્યામભાઈ
૩ પટેલ હેપી સુનીલભાઈ

**ધોરણ-૫ ઈ**
૧ ઠક્કર હેલી જિજ્ઞેશભાઈ
૨ માધુ વિશ્વા મહેશકુમાર
૩ પટેલ પ્રિન્સી અજિતભાઈ

**ધોરણ-૬ એ**
૧ પટેલ હેત્વી વિક્રમભાઈ
૨ અમીન દેવલ પંકજભાઈ
૩ સુથાર નેન્સી રાકેશભાી

**ધોરણ-૬ બી**
૧ પટેલ મેશ્વા બળદેવભાઈ
૨ મકવાણા મિશ્વા શૈલેષકુમાર
૩ પ્રજાપતિ ઉર્વી અરવિંદભાઈ

**ધોરણ-૬ સી**
૧ પટેલ હેલી અશ્વિનકુમાર
૨ ભરવાડ ભૂમિકા ભીખાભાઈ
૩ ચૌધરી હાર્દિ બાબુભાઈ

**ધોરણ-૬ ડી**
૧ પટેલ દિયા શશીકાન્ત
૨ વાઘેલા સુહાનીકુંવરબા એચ
૩ ત્રિવેદી ઉર્વી પિનાકીન

**ધોરણ-૬ ઈ**
૧ પટેલ એષા દિલીપકુમાર
૨ પારેખ મૈત્રી રમેશભાઈ
૩ પટેલ માહીબેન નંખુલાલ

**ધોરણ-૭ એ**
૧ પટેલ હની આશિષકુમાર
૨ વાઘેલા પ્રાર્થનાકુંવરબા જે
૩ પટેલ પરી મહેશભાઈ

**ધોરણ-૭ બી**
૧ પ્રજાપતિ આન્સી લલિતભાઈ
૨ પટેલ દિવ્યા અલ્પેશભાઈ
૩ દવે પ્રિયા ભરતભાઈ

**ધોરણ-૭ સી**
૧ મોદી વર્ષા નારણભાઈ
૨ ગોસ્વામી નેહલ અશોકગીરી
૩ પટેલ માહી રાજેશકુમાર

**ધોરણ-૭ ડી**
૧ રબારી બિનલબેન રઘુભાઈ
૨ સોલંકી વંદના ડી
૩ ઠાકોર આરતીબેન બી

**ધોરણ-૭ ઈ**
૧ પારગી બ્રિન્દાકુમારી એમ
૨ ભટ્ટ નિહારા હિરલભાઈ
૩ પ્રજાપતિ ભૂમિ વિષ્ણુભાઈ

**ધોરણ-૮ એ**
૧ પટેલ તિથિબેન મહેશકુમાર
૨ પટેલ હરિશ્રી નૈનેશભાઈ
૩ પ્રિયદર્શી હેલી નરેન્દ્રકુમાર

**ધોરણ-૮ બી**
૧ ભલાલા નિધિ સવજીભાઈ
૨ શાહ અંજલિ કલ્પેશકુમાર
૨ પટેલ આદ્યા અશ્વિનિકુમાર
૩ પાટીલ માધવીબેન દીનાનાથ

**ધોરણ-૮ સી**
૧ ચૌધરી શૈલી શૈલેષકુમાર
૨ કાટેવાલા ફાલ્ગુની એચ
૩ પંચાલ નૈયા બાબુભાઈ

**ધોરણ-૮ ડી**
૧ પટેલ કિંજલ અશ્વિનભાઈ
૨ શાહ ધ્વનિ જિનેશકુમાર
૩ સુતરિયા ટ્વિંકલ અમૃતભાઈ

**ધોરણ-૮ ઈ**
૧ ઝાલા જાનકી રસેન્દ્રસિંહ
૨ ચૌધરી સોનલ શંકરભાઈ
૩ ચૌધરી આનલ અમીરકુમાર



નર્મદા નિગમ મુખ્ય કચેરી ખાતે વર્ક આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા રોહિતભાઈ ડી ઠાકોર વય નિવૃત્ત થતા હોઈ તેમનો વિદાય કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે નિગમના કર્મચારી, અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ રોહિતભાઈને સ્વસ્થ નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સંજય જોષી, વી સી શાહ અને હોદ્દેદાર ડાહ્યાભાઈ પટેલ, વી કે પટેલ, જી સી દરજી, કમલેશ બારોટ, મંથન ભટ્ટ, એ જે પટેલ, લલિતાબેન, જિગીષાબેન, જયશ્રીબેન, પુષ્પાબેન, મનોજ બેલાણી ઉપસ્થિત રહ્યા હતા. મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.

## વાચકોને આમંત્રણ
### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારું માયાળુ મોસાળ'